# BUSINESS મિત્ર

## સતત બીજા દિવસે શેરબજાર અથડાતું જોવા મળ્યું: હેવીવેઇટ શેરો દબાણમાં

**ઇઝરાયલ**-હિઝબુલ્લાહ વચ્ચેનો તણાવ નહીં પણ ક્રુડ ઓઇલમાં ઉછાળો શેરબજારમાં કરેકશન લાવશે

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 1:** ભારતીય શેરબજારમાં આજે સતત બીજા દિવસે કરેકશનનો માહોલ ચાલુ રહ્યો હતો. જોકે, આજે સવારથી જ શેરબજારમાં બ્રોડર માર્કેટમાં રીકવરીનો માહોલ રહ્યો હતો, જે બંધ થયા ત્યાં સુધી સુધરતું જોવા મળ્યું હતું. બીજી તરફ, હેવીવેઇટ શેરોમાં સતત બીજા દિવસે નરમાઇ રહી હતી. જેમાં ખાસ કરીને ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેના તણાવની અસર શેરબજાર ઉપર પડી નથી, પરંતુ આ યુદ્ધ લાંબું અને મોટું સ્વરૂપ ધારણ કરશે તો તેની પાછળ ક્રુડ ઓઇલ સહિત કોમોડિટીઝના ભાવો ઉછળશે, તો તેની સીધી અસર શેરબજાર જોવા મળશે અને ખાસ કરીને ક્રુડ ઓઇલના ભાવ ઉછળતા જ શેરબજારમાં કરેકશન શરૂ થઇ શકે છે. જોકે, આવતીકાલે મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે શેરબજાર બંધ રહેશે.

ભારતીય શેરબજાર વિક્રમી ઉંચાઇએ છે અને તેની સાથે ઓવરબોટ પોઝિશન ધરાવે છે ત્યારે આ સ્થિતિ વધુ ચિંતા સર્જી શકે છે. ભારતીય શેરબજારમાં કરેકશન આવશે તો મોટો કડાકો આવે તેવી સંભાવના પ્રર્વતી રહી છે, પણ હાલની સ્થિતિને જોતાં દરેક ઘટાડે સ્થાનિક ફંડો તથા એચએનઆઇ રોકાણકારો રાહ જોઇ રહ્યાના અહેવાલ છે, જેના લીધે બજારમાં કોઇ મોટો ઘટાડો દેખાતો નથી.

જાપાનના નીક્કીના કડાકાને પચાવીને આજે શેરબજારે પોઝિટિવ શરૂઆત કરી હતી, પણ તે મિડ સેસન બાદ ટકી નહીં અને છેલ્લે ફરી એકવાર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં સેન્સેક્સ 33.49 પોઇન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 84266.29 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 84648 પોઇન્ટ સુધી ઉછળ્યા હતા, જ્યારે નીચામાં 84098 પોઇન્ટ સુધી ઘટયા હતા. નિફ્ટી 13.95 પોઇન્ટ એટલે કે 0.05 ટકા ઘટીને 25800ની સપાટી તોડીને 25796.90 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 25900ની સપાટી કુદાવીને 25907 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25739 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટીમાં આજે એક્સપાયરી હોવાથી 55.50 પોઇન્ટ એટલે કે 0.1 ટકા ઘટીને 52922.60 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ઇન્ટરગ્લોબ એવીએશનમાં 9.64 ગણા, ઓરોબીન્દો ફાર્મામાં 6.07 ગણા, વેલસ્પન લિ.માં 3.94 ગણા, ગ્લોબલ હેલ્થમાં 3.81 ગણા અને કલ્પતરૂ પ્રોજેકટમાં 3.75 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કેપલીન પોઇન્ટ લેબમાં 12.76 ગણા, બાસ્ફ ઇન્ડિયામાં 11.44 ગણા, બ્લુડાર્ટ એક્સપ્રેસમાં 6.87 ગણા, કેફીન ટેકનોમાં 5.98 ગણા અને વેલસ્પન લીવીંગમાં 4.67 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ સુધારાની ચાલ રહી હતી. ફ્રન્ટલાઇન શેરોમાં નરમાઇ રહી હતી, બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.27 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.56 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2304 શેરો વધ્યા હતા, જ્યારે 1658 શેરો ઘટયા હતા, તથા 92 શેરો યથાવત રહ્યા હતા.

આજે યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. યુરોઝોનમાં 2021ના મધ્ય પછી પ્રથમ વખત ફુગાવો 2 ટકાની નીચે ગયો છે. જેથી યુરોપિયન સેન્ટ્રલ બેનક્ર તરફથી વ્યાજદરમાં વધુ એક ઘટાડાની સંભાવના પ્રબળ બને છે. ફેડરલ રિઝર્વના ચેરમેન પોવેલે તાજેતરમાં અમલમાં મુકવામાં આવેલા આઉટસાઇઝડ કટનું અર્થઘટન ભવિષ્યમાં આક્રમક પગલાના સંકેત તરીકે ન કરવું જોઇએ, તેવા સંકેત બાદ એશિયન બજારો સુધર્યા હતા. જેના જવાબમાં અમેરિકી ડોલર મજૂબત થયો હતો, પણ મધ્ય પુર્વના ઘર્ષણના કારણે બજારની અનિશ્ચિતતામાં વધઆરો થયો હતો. જાપાને ઓગસ્ટમાં બેરોજગારી દર ઘટીને 2.5 ટકા થયો હોવાનું જણાવ્યું છે, જે જુલાઇમાં 2.7 ટકા હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસ 0.37 ટકા અ ડેક્સ 0.28 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.19 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.89 ટકા, તાઇવાન 0.74 ટકા, જકાર્તા 1.49 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.12 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. શાંઘાઇ, કોસ્પી અને હેંગસેંગ બજારો બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -33.49 | 84266.29 |
| નિફ્ટી | -13.95 | 25796.90 |
| બેન્ક નિફ્ટી | -55.50 | 52922.60 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 3.06 | 1625.40 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.28 | 3165.50 |
| બ્રિટાનીયા | 1.70 | 6446.05 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 1.60 | 3186.10 |
| ઇન્ફોસીસ | 1.53 | 1904.35 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 2.62 | 1409.70 |
| ઓએનજીસી | 1.90 | 291.95 |
| એશિયન પેઇન્ટસ | 1.55 | 3277.35 |
| બજાજ ઓટો | 1.53 | 12157.45 |
| ટાઇટન કંપની | 1.26 | 3775.95 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | | 1622.35 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.22 | 3164.85 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.55 | 1881.20 |
| ઇન્ફોસીસ | 1.50 | 1904.15 |
| એસબીઆઇ | 1.19 | 797.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 2.64 | 1409.80 |
| એશિયન પેઇન્ટસ | 1.54 | 3277.00 |
| એચયુએલ | 1.27 | 2921.95 |
| તાતા મોટર્સ | 0.96 | 965.35 |
| તાતા સ્ટીલ | 0.86 | 167.00 |

## સપ્ટેમ્બરમાં ભારતનો મેન્યુફેકચરીંગ પીએમઆઇ નીચે સરક્યો

**57.5 ટકાથી** ઘટીને 56.5 પર પહોંચ્યો

**ગત** મહિને ઓગસ્ટમાં નિકાસની માગ ઘટતા, ઉત્પાદનમાં ઘટાડો

નવી દિલ્હી, તા. 1: 1લી ઓકટોબરે જાહેર કરવામાં આવેલા એક ખાનગી સર્વેના પરિણામો અનુસાર નિકાસ માગમાં ઘટાડો અને ઉત્પાદનમાં ઘટાડો થવાના કાણે ભારતની ઉત્પાદન પ્રવૃત્તિ સપ્ટેમ્બરમાં ઘટીને 56.5 થિ ગઇ છે, જે અગાઉના મહિને 57.5 હતી. સીઝનલ એજસ્ટેડ એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેકચરીંગ પીએમઆઇ, જે નાણાકીય વર્ષની શરૂઆતથી લાંબા ગાળાની સરેરાશથી ઉપર રહ્યો છે. તે નાણાકીય વર્ષના જુન ક્વાર્ટરમાં નોંધાયેલા 58.2થી નોંધપાત્ર નીચે આવી ગયો છે.

એચએસબીબીસીના ચીફ ઇન્ડિયા ઇકોનોમીસ્ટે જણાવ્યું હતું કે, ઉનાળાના મહિનામાં ખૂબજ મજબૂત વૃદ્ધિ બાદ સપ્ટેમ્બરમાં ભારતનું મેન્યુફેકચરીંગ સેકટર ધીમુ પડ્યું હતું. ઉત્પાદન અને નવા ઓર્ડર ધીમી ગતિએ વધ્યા છે અને નિકાસમાં માગ ધીમી પડી છે. નવો નિકાસ ઓર્ડર પીએમઆઇ માર્ચ 2023 પછીના સૌથી નીચા સ્તરે છે.

મેન્યુફેકચરીંગ પીએમઆઇ બીજા ક્વાર્ટરમાં સરેરાશ 57.4 રહ્યો હતો, જે ઓકટોબર-ડિસેમ્બર 2023 પછીનું સૌથી નીચુ સ્તર છે. બીજા ક્વાર્ટરમાં નિકાસ ધીમી પડી હતી, જેના કારણે ઉત્પાદન પ્રવૃત્તિ પર પણ અસર પડી હતી. પખવાડિયા પહેલા જ જાહેર થયેલા આંકડા દર્સવે છે કે ઓગસ્ટમાં નિકાસ 9.4 ટકા ઘટીને 34.71 અબજ ડોલર થઇ છે.

ઓછી માગની સાથે સાથે કોસ્ટ પ્રેશર પણ વધ્યું છે. સર્વેમાં સામેલ 400થી વધુ મેન્યુફેકચરીંગ કંપનીઓએ કેમિકલ્સ, પેકેજિંગ, પ્લાસ્ટિક અને મેટલ્સના ભાવમાં વધારો નોંધાવ્યો છે. જોકે, કંપનીઓએ ખર્ચ ગ્રાહકોને આપ્યો ન હોવાથી પાંચ મહિનામાં સૌથી ધીમી ગતિએ આઉટપુટ ચાર્જ વધ્યો હતો. આનાથી માર્જિન અને નફાકારકતા પર દબાણ આવવાની સંભાવના છે. જે નોકરીઓને અસર કરી શકે છે. ભંડારીએ જણાવ્યું હતું કે, નબળા નફાની વૃદ્ધિની અસર કંપનીઓ પાસેથી કર્મચારીની માગ પર પડી શકે છે. રોજગાર વૃદ્ધિ સતત ત્રીજા મહિને ધીમી પડી છે.

આ સંજોગોમાં ધંધાકીય આત્મવિશ્વાસને પણ અસર કરી છે. કારણ કે છેલ્લા દોઢ વર્ષમાં ભવિષ્યનો આઉટલુક સૌથી નીચલા સ્તરે આવી ગયો છે. આશરે 23 ટકા ભારતીય ઉત્પાદકોએ આગામી વર્ષમાં ઉત્પાદનમાં વૃદ્ધિની આગાહી કરી છે, જ્યારે બાકીની કંપનીઓએ કોઇ ફેરફાર નહીં થવાની આગાહી કરી છે, એમ સર્વેમાં જણાવાયું હતું.

ભારતના ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે પણ બહુ સારૂં પ્રદર્શન કર્યુ નથી. લગભગ ચાર વર્ષમાં પ્રથમ વખત ઓગસ્ટમાં આઠ મુકઅય ઉદ્યોગોના ઉત્પાદનમાં 1.8 ટકાનો ઘટાડો થયો છે. ઓગસ્ટમાં સરકાર દ્વારા મુડી ખર્ચ પણ પાછલા વર્ષની તુલનામાં 30 ટકા ઓછો રહ્યો છે. જોકે, આનાથી રાજકોષીય ખાધ પર લગામ લાગે તેવી શક્યતા છે, પરંતુ અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે સરકારે જીડીપીના ઉંચા વિકાસ માટે ખર્ચ વધારવો પડશે.

## મિડકેપની ત્રણ કંપની લ્યુપીન, કમીન્સ અને પરસીસ્ટન્ટ સીસ્ટમમાં મ્યુચ્યુઅલ ફંડની 200 સ્કીમોનું રોકાણ

**મુંબઇ, તા. 1:** શેરબજારમાં એવા ઘણા ઓછા શેરો છે કેજમાં 200થી વધુ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમોએ રોકાણ કર્યુ હોય. પણ ભારતીય ત્રણ મિડકેપ કંપનીઓ છે કે જેમાં મ્યુચ્યુઅલ ફંડોનું રોકાણ છે. મ્યુચ્યુઅલ ફંડોની ઇક્વિટી સ્કીમ જ નહીં હાઇબ્રીડ અને રિટાયરમેન્ટ સ્કીમે પણ આ કંપનીઓમાં રોકાણ કર્યુ છે. જેમાં પરસીસ્ટન્ટ સીસ્ટમ, કમીન્સ ઇન્ડિયા અને લ્યુપીનનો સમાવેશ થાય છે. જેમાં મ્યુચ્યુઅલ ફંડોની 200થી વધુ સ્કીમોએ રોકાણ કર્યુ છે.

એસીઇએમએફના ડેટા મુજબ ઓગસ્ટના અંત સુધીમાં પરસીસ્ટન્ટ સીસ્ટમમાં 205 સ્કીમોનું રોકાણ હતું. કમીન્સ ઇન્ડિયામાં 253 સ્કીમોએ રોકાણ કર્યુ છે અને લ્યુપીનમાં 215 સ્કીમોએ તેમના પોર્ટફોલિયોમાં સામેલ કરી છે. આઇટી કંપની પરસીસ્ટન્ટ સીસ્ટમમાં મ્યુચ્યુઅલ ફંડનું રૂ. 1778 કરોડનું રોકાણ આંકવામાં આવ્યું છે. મોતીલાલ ઓશવાલ ફ્લેક્સીકેપ અને એડલવીસ ફોક્સ્ડે તેમની એસેટ્સના 5 ટકાથી વધુનું રોકાણ કર્યુ છે. આ શેરે 91 ટકા રિટર્ન આપ્યું છે.

કમિન્સ ઇન્ડિયા ડીઝલ એન્જીનનું ઉત્પાદન કરે છે, જેમાં મ્યુચ્યુઅલ ફંડોએ ઓગસ્ટમાં રૂ. 17583 કરોડનું રોકાણ કર્યુ છે, જેને છેલ્લા એક વર્,માં 124 ટકા રિટર્ન આપ્યું છે. લ્યુપીન દવાનું ઉત્પાદન કરતી કંપની છે. ભારતની સૌથી મોટી ફાર્મા કંપનીઓ પૈકીની એક છે, જેમાં ઓગસ્ટમાં મ્યુચ્યુઅલ ફંડોએ રૂ. 17356 કરોડનું રોકાણ કર્યુ હતું. તે એવા કેટલાક મિડકેપ શેરોમાંથી એક છે જેણે છેલ્લા છ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓના એક્સપોઝરમાં વદારો જોયો છે. છેલ્લા છ મહિનામાં 26 સ્કીમોએ આ સ્ટોકમાં રોકાણ વધાર્યુ છે. આ સ્કીમમાં રોકાણ કરવામાં એસબીઆઇ ઇનોવેટિવ ઓપોચ્યુનીટીઝ, એક્સીસ કવાંટ અને તાતા મિડકેપ ગ્રોથ ફંડ સૌથી આગળ રહી છે. છેલ્લા એક વર્ષમાં લ્યુપીનમાંથી રોકાણકારોને 87 ટકા વળતર મળ્યું છે.

## સપ્ટેમ્બરમાં GST આવક વૃદ્ધિ દર ધીમો પડ્યો, કલેક્શન 1.73 લાખ કરોડ થયું

**તહેવારોની** મોસમ આવી રહી હોવાથી આગામી મહિનામાં કલેક્શન વધુ સારું રહેવાની અપેક્ષા

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની (જીએસટી) આવકનો વૃદ્ધિ દર સપ્ટેમ્બરમાં 6.5 ટકા ઘટીને રૂ. 1.73 લાખ કરોડ થયો હતો જ્યારે સ્થાનિક વ્યવહારોમાંથી વસૂલાતમાં વધારો થયો હતો તેમજ આયાત ધીમી પડી હતી. જો કે, તહેવારોની મોસમ આવી રહી હોવાથી, આગામી મહિનામાં કલેક્શન વધુ સારું રહેવાની અપેક્ષા છે, એમ ટેક્સ નિષ્ણાતોએ કહ્યું હતું.

મંગળવારે જારી કરાયેલા સરકારી આંકડા મુજબ, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જીએસટીની આવક રૂ. 1.63 લાખ કરોડ હતી, જ્યારે ઓગસ્ટ 2024માં 1.75 લાખ કરોડની આવક હતી.

કુલ સ્થાનિક આવક 5.9 ટકા વધીને લગભગ રૂ. 1.27 લાખ કરોડ થઈ છે. માલની આયાતથી આવક 8 ટકા વધીને રૂ. 45,390 કરોડ થઈ હતી.

મહિના દરમિયાન રૂ. 20,458 કરોડના રિફંડ જારી કરવામાં આવ્યા હતા, જે એક વર્ષ અગાઉના સમયગાળાની સરખામણીમાં 31 ટકા વધુ છે.

રિફંડને સમાયોજિત કર્યા બાદ સપ્ટેમ્બરમાં ચોખ્ખી જીએસટી આવક રૂ. 1.53 લાખ કરોડ રહી હતી, જે એક વર્ષ અગાઉના સમયગાળા કરતાં 3.9 ટકા વધુ છે.

## આવનારા દિવસોમાં શેરબજારમાં આઈપીઓ કાર્નિવલ!

**30 સપ્ટેમ્બરના** એક જ દિવસમાં રેકોર્ડ 17 મેઇનબોર્ડ આઇપીઓ ડીઆરએચપી ફાઇલ થયા

નવી દિલ્હી, તા. 1: ભારતીય શેરબજાર ઐતિહાસિક ઉંચાઇએ ચાલી રહ્યું છે, ત્યારે ગમે તે ઘડીએ કરેકશન આવી શકે તેવી ચિંતા સતાવી રહી છે, પણ જે રીતે આઇપીઓ બજારમાં હોડ જામી છે અને મોટા ભાગની અગ્રણી કંપનીઓ આઇપીઓ લાવી રહી છે, તેને જોતાં હજુય તેજીની શરૂઆત થઇ હોય તેમ કહી શકાય. જાણકારોના મત અનુસાર દિવાળી સુધીમાં નિફ્ટી 27000 પોઇન્ટને પાર કરી જાય તો નવાઇ નહીં. જ્યારે 2024ના અંત સુધીમાં સેન્સેકસ 100000 પોઇન્ટને ટચ કરવાની ચર્ચા ચાલી રહી છે.

આઇપીઓ બજારની વાત કરીએ તો અનેક કંપનીઓ સેબીમાં ડીઆરએચપી ફાઇલ કરી રહી છે, જેનાથી આઇપીઓની સંખ્યામાં ઘટાડો થવાની કોઇ જગ્યા દેખાતી નથી.

બજારના નિષ્ણાતોએ અહેવાલ આપ્યો છે કે માત્ર એક જ દિવસ (30 સપ્ટેમ્બર)માં રેકોર્ડ 17 મેઇનબોર્ડ આઇપીઓ ડીઆરએચપી ફાઇલ કરવામાં આવ્યા હતા. આ એક જ દિવસમાં ડીઆરએચપી ફાઇલિંગ્સની સૌથી વધુ સંખ્યાને ચિહ્નિત કરે છે. આઇપીઓ કાર્નિવલ નજીકના ભવિષ્યમાં બંધ થવાના કોઈ સંકેતો બતાવતો નથી. ઓલ ટાઇમ પ્લાસ્ટિક્સ રૂ. 350 કરોડ, સ્કોડા ટ્યૂબ્સ રૂ. 275 કરોડ સુધીના નવા ઇક્વિટી શેર ઇશ્યૂ કરવાની યોજના ધરાવે છે. ડેવ એક્સિલરેટર પણ આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યુ છે.

આ ઉપરાંત, અનેક અગ્રણી કંપનીઓની પેટા કંપનીઓ દ્વારા પણ ડીએચઆરપી ફાઇલ કર્યા છે, જેમાં હોન્ડાઇ મોટર્સ ઇન્ડિયા, એનટીપીસી ગ્રીન, એચડીબી ફાઇનાન્સ સહિતની અનેક કંપનીઓ પણ આ જ વર્ષમાં આઇપીઓ લાવી રહ્યા છે. જેથી આઇપીઓ બજાર ગરમ રહેશે.

## સુડોકુ ૬૦૩૦ - 'કુટિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૯ | | | ૫ |
| | ૨ | | | ૪ | ૮ | | | |
| ૬ | ૯ | | | | ૫ | | ૮ | |
| ૧ | | | ૮ | | ૩ | | | ૯ |
| ૩ | | ૯ | | | | ૧ | | |
| ૨ | | ૮ | | ૬ | | ૫ | ૩ | ૪ |
| ૮ | | ૨ | | | | ૯ | | |
| ૭ | | ૬ | | | ૨ | ૮ | ૫ | |
| | | | | ૮ | ૭ | | ૧ | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૦૬૦૬-૨૬૬૭ ક્રિષ્ણ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### વાળ કાળા કરવા તેલ

ભાંગરોનો રસ 500 મીલી, મંડુર ભસ્મ 250 ગ્રામ, ત્રિફલા ચૂર્ણ 125 ગ્રામ અને અનંત મૂળ ચૂર્ણ 250 ગ્રામ લઈ પાંચ લીટર પાણીમાં આખી રાત રાખી બીજા દિવસે ધીમા તાપે ઉકાળી 2 લીટર પાણી બાકી રહે ત્યારે ઉતારી લઈ ગાળી લો. આ પાણી બે કિલો કાળા તલના તેલમાં ભેળવી ખૂબ ધીમા તાપે ઉકાળી તેલ સિદ્ધ કરવું. રોજ વાપરવાથી અને નાકમાં ટીપાં મૂકવાથી વાળ કાળા થશે.

## સેબીએ એફએન્ડઓના નિયમો વધુ કડક બનાવ્યા

**ડેઇલી** એક્સપાયરીઓનો અંત, વીકલી એક્સપાઇરી સાથે એક જ ઇન્ડેક્સ પર એક્સચેન્જ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ પુરા પાડી શકશે

**ડેરિવેટિવ્ઝની** લઘુતમ ટ્રેડિંગની રકમ વધારીને ત્રણ ગણી જેટલી કરવામાં આવી

નવી દિલ્હી, તા. 1: શેરબજાર નિયંત્રક સેબીએ રોકાણકારોના રક્ષણ માટે અને બજારની સ્થિરતા સુધારવા માટે ઇન્ડેક્સ ડેરિવેટિવ ફ્રેમવર્કને મજબૂત કરવા સંખ્યાબંધ પગલાઓની જાહેરાત કરી છે જેમાં ડેઇલી એક્સપાઇરીઓના અંતનો પણ સમાવેશ થાય છે.

સેબીએ ઇન્ડેક્સ ડેરિવેટિવ્ઝની, ખાસ કરીને કોન્ટ્રાક્ટ્સના એક્સપાઇરીના દિવસે ભારે અટકળાત્મક પ્રકૃતિને ધ્યાનમાં રાખીને આ પગલાઓ જાહેર કર્યા છે. ડેરિવેટિવ ટ્રેડિંગ માટેના ઘણા પગલાઓમાં કોન્ટ્રાક્ટસે વીકલી એક્સપાઇરીઓ પર તર્કસંગત કરવાનો સમાવેશ થાય છે જે ૨૦ નવેમ્બરથી અમલમાં આવશે એમ સેબીએ એક પરિપત્રમાં જણાવ્યું હતું. હવે દરેક એક્સચેન્જને ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ તેના બેન્ચમાર્ક ઇન્ડેક્સોમાંના એક પર જ વીકલી એક્સપાઇરી સાથે પુરી પાડવાની છૂટ આપવામાં આવશે. સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા(સેબી) એ ડેરિવેટિવ્ઝની લઘુતમ ટ્રેડિંગ રકમ હાલના ૫-૧૦ લાખ પરથી વધારીને રૂ. ૧૫ લાખ કરી છે જ્યારે તે બજારમાં રજૂ કરવામાં આવે. ત્યારબાદ તે રૂ. ૧૫ લાખ અને રૂ. ૨૦ લાખની વચ્ચે વધારવામાં આવશે. ડેરિવેટિવ ટ્રેડિંગ માટેના નવા નિયમો તબક્કાવાર જાહેર કરવામાં આવશે, જે ૨૦ નવેમ્બરથી શરૂ થશે. વીકલી એક્સપાઇરીઓ સાથેના ઇન્ડેક્સ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ, કોન્ટ્રાક્ટની સાઇઝોમાં વધારો અને વધારાના એક્સટ્રીમ લોસ માર્જીન (ઇએલએમ) લઇને ટેઇલ રિસ્કમાં વધારો પણ તે જ દિવસથી અમલમાં આવશે. સેબીએ જણાવ્યું હતું કે આ તમામ અમલીકરણો રોકાણકારોના રક્ષણ અને બજારની સ્થિરતા માટે છે.

## શબ્દગુંફન - ૬૭૮૨

અરવિંદ એસ. માડ

**આડી ચાવી**

૧. અગ્રેસર (૪)
૪. તબલાં વગાડનાર (૪)
૬. ખરચ, નિકાસ, જાવરો (૩)
૯. અગત્ય, જરૂરિયાત (૩)
૧૦. ડર, ત્રાસ(૪)
૧૨. વારંવાર યાદ કરવું (૨)
૧૩. પાણીનો જળાશય, કૂવો (૪)
૧૫. હશે, છો ને (૨)
૧૬. ઘોડી (૩)
૧૮. ઓછું વત્તું (૪)
૨૧. હત્યા, લોહી (૨)
૨૨. હોડ, બોલી (૩)
૨૩. ભાગ્યશાળી (૫)
૨૪. ઓછું (૨)
૨૫. ગોટાળો, વાંધો (૨)
૨૭. રહેઠાણ, મુકામ (૪)
૩૦. પુરુષ (૨)
૩૧. શરીરનો મધ્ય ભાગ, કેડ (૩)
૩૨. શહેર, પુર (૩)

**ઊભી ચાવી**

૨. લશ્કરમાં નવી ભરતી થનાર (૪)
૩. છુટ્ટી, પરવાનગી (૨)
૪. લાગ (૨)
૫. સહેજ (૩)
૭. મૂળ ગામ કે દેશ (૩)
૮. ટેક, આબરુ (૨)
૯. વૃદ્ધ (૩)
૧૦. કિનારો (૨)
૧૧. ખાડા ટેકરાવાળું (૬)
૧૩. પાછું (૨)
૧૪. મકાન, ગૃહ (૨)
૧૫. હેત, સ્નેહ (૩)
૧૭. રંગ, વર્ણ (૨)
૧૮. જરૂરી જ ખર્ચ કરવું (૫)
૧૯. પ્રથા, રિવાજ (૩)
૨૦. વાંદરું, કપિ (૩)
૨૪. સૈન્ય, છાવણી (૩)
૨૬. ગુફા બખોલ, કોતર (૩)
૨૭. જંગલ (૨)
૨૮. એક રૂપાળું પંખી (૨)
૨૯. આદર (૨)



૯૭૮૩ - ૨૬૬૭ મ્ક્રિંગાર

## આજનું પંચાંગ

**તા. 02/10/2024, બુધવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** ભાદરવો
**તિથિ:** અમાવસ: 24:19- સર્વપિત્રી અમાવસ્યા
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો:10
**નક્ષત્ર :** ઊ.ફા.: 12:23 પછી હસ્ત
**યોગ:** બ્રહ્મ **કરણ :** ચતુષ્પદ
**રાશિ :** કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** પૂનમ: અમાવસનુ શ્રાદ્ધ, મહાલય સમાપ્ત, ગાંધી જયંતી- કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય
**સુરતમાં સૂર્યોદય :** 06:31 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:25
**નવકારસી :** 07:19
**પારસીવર્ષ:** 1394 ,અરદીબેહેસ્તમાસનો19મોરોજ
**મુસલમાન વર્ષ :** 1446, રબિઉલ અવલ માસનો 28 મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે: 12:00 થી 13:30 સુધી

**મેષ (અ.લ.ઇ.):** વિજાતિય આવેગ સતાવશે. સ્ત્રી-મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં નવી તક મળશે.
**વૃષભ (બ.વ.ઉ.):** નવા રોકાણમાં ધીરજ રાખવી. નવા કામનું આયોજન ધીરજપૂર્વક કરવું. અશાંતિ વધે.
**મિથુન (ક.છ.ઘ.):** ઘરમાં સામાન્ય વાતાવરણના કારણે બહારના કામ સરળ બને. નોકરી માટે પ્રવાસ થાય.
**કર્ક (ડ.હ.):** સ્વાર્થી લોકોથી સાવધાન રહેવું. અડોશ-પડોશ સાથે વિવાદ ટાળવો. પ્રવાસ થાય.
**સિંહ (મ.ટ.):** રચનાત્મક કામમાં યશ મળે. ઘરના પ્રશ્નો હલ થાય. ખાણી-પીણીનાં ધંધામાં લાભ.
**કન્યા (પ.ઠ.ણ.):** પરિવાર વગેરેની અપેક્ષા વધે. નોકરીમાં નવી જવાબદારી નિભાવવી પડે.
**તુલા (ર.ત.):** કામનો બોજ, થાકનો અનુભવ કરાવે. આળસના કારણે તકનો લાભ લેવામાં વિલંબ
**વૃશ્ચિક (ન.ય.):** ઈર્ષાળુ મિત્રોથી નુકસાન થઈ શકે. પ્રેમમાં ગેરસમજ થાય. સંતાન ચિંતા સતાવે.
**ધન (ભ.ધ.ફ.ઢ.):** નવા કામ મળે. નવા સંબંધો બંધાય. નોકરીમાં પ્રમોશન થાય. જાહેર જીવનમાં અશાંતિ.
**મકર (ખ.જ.):** આવક વધારવામાં જીવનસાથી મિત્રોનો સાથ મળે. વિદેશના કામમાં મદદ મળે.
**કુંભ (ગ.સ.શ.ષ.):** નવા કામની યોજનામાં વડીલોની મદદ મળે. અચાનક સફળતાથી ઉત્સાહ વધે.
**મીન (દ.ચ.ઝ.થ.):** ઘર-પરિવાર તથા સમાજને લગતાં કામો પાર પડે. જાહેર જીવનમાં પ્રતિષ્ઠા વધશે.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

### કોઇ પણ સાલમાં 02 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. નવા ધંધા-રોજગારમાં ટેકનોલોજીનો લાભ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસો, જાયદાદ, જમીન જેવા કામ વર્ષ દરમિયાન પણ થતાં રહેશે. વિદેશ પ્રવાસ, તથા આયાત, નિકાસનાં કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. સંતાનોનાં કામ સરળ બને. વડીલો- મિત્રોને મદદરૂપ બનશો તથા કુટુંબની અપેક્ષાઓ સંતોષવા પ્રયત્નો હકારાત્મક રહેશે. યાત્રા-પ્રવાસ , કાર્ય-કર્મ થાય. જૂન-જુલાઈમાં નવી નોકરી કે ધંધાની યોજના પાર પડે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં અશાંતિ વધશે.

## બ્રોડકાસ્ટર્સ તરફથી વધતા ખર્ચ વચ્ચે કેબલ ઓપરેટરોએ ટેરિફમાં વધારો કરવાનું શરૂ કર્યું

કોલકાતા, તા. 1 (પીટીઆઈ): કેબલ ટેલિવિઝન ઉદ્યોગમાં મલ્ટી-સર્વિસ ઓપરેટર્સ (એમએસઓ) એ 1 ઓ